# ઘરના કામમાં બાદશાહ ગુલામ..!

ગુલામ-બેગમ-બાદશાહ ગંજીફામાં જ હોય એવું નથી. ક્યારેક ઘરમાંથી પણ નીકળે મામૂ..! ફેર એટલો કે, બાદશાહ અને ગુલામની ઓળખ માટે વચ્ચે બેગમ જોઈએ. બાકી રાજાપાટની વાત કરીએ તો, પૈણવા નીકળે ત્યાં સુધી જ રાજા {બાદશાહ} પછી, છોલે ભગો દાજી..! કૂતરા પણ જોઈને ભસે..! એક દિનકા સુલતાન જેવું..! પૈઈણા પછી કેવી વીતે એ તો, વેઠે તે જ જાણે..! પતિનાં પારખાં દિવાળીમાં વધારે થાય. આપણે ત્યાં તહેવારોની બોલબાલા છે દાદૂ..! થોડુંક હાંકો ને ટોલ નાકું આવે એમ, તહેવાર આવે..! પછી એ નાગ પાંચમ. નોળી નોમ, દિવાસો, હોળી, દિવાળી કે ઉત્તરાયણ કેમ ના હોય..? એમાં દિવાળી આવે એટલે ઘરમાં કુંવારી સાળી આવવાની હોય, એટલી તૈયારી થવા માંડે. જેમ સોનું ખરીદવા પુષ્ય નક્ષત્રની રાહ જોવાય એમ, ઘરમાંથી ભંગાર કાઢવા માટે કે, ઘરની સાફ સફાઈ કરવા માટે, દિવાળીની રાહ જોવાય. દિવાળી એટલે 'ભંગાર-દાન' કરવાનો મહિમા.! ડોહા-ડોહી સિવાય જુનું પુરાણું બધું જ બદલાવા માંડે. મગજમાં ગંદવાડ હોય તો ચાલે, પણ ઘરમાં નહિ ચાલે. દિવાળી આવે તે પહેલાં, ખૂણા-ખાંચરા ચોખ્ખા કરવાના એટલે કરવાના. ઘરમાં પગલાં પાડયા વગર દિવાળી પાછી ના જવી જોઈએ. એના કપાળમાં કાંદા ફોડું, ખૂણાખાંચરા પણ દિવાળીની રાહ જોતા હોય કે, ક્યારે શલ્યાની અહલ્યા થઈએ..! ગ્રહણ ટાણે વેધ ભરાય એમ, દિવાસાથી જ બધું ઉથલપાથલ થવા માંડે. દિવાળીનું મંગલાચરણ સાફસફાઈથી થવા માંડે. સાફ-સફાઈ કરવાના એવા જોશ ચઢે કે, કેડ-કમરના દુખાવા પણ અલોપ થઇ જાય..! હૃદયના હુમલા તો સારા. એમાં તો ત્રણ હુમલા સુધીની તક પણ મળે. સાફ-સફાઈનો હુમલો ભારે ખતરનાક..! એક જ હુમલામાં પીલ્લું વાળી દે..! એક વાર 'કિચન-ક્વીન'ની અડફટે આવવો જોઈએ..! પછી જે આવે તે..! પતિ ભલે પરમેશ્વર કહેવાતો હોય, એ પણ ધોવાઈ જાય..! એની પણ ખાતરદાની થઇ જાય..! ભરોસો નહિ, ઝાડુ જમીનને બદલે શરીર ઉપર પણ ફરવા માંડે. જો કે, સાવ આવું બને તો નહિ, પણ કળિયુગ છે, કોઈનો ભરોસો નહિ થાય..! બેવડ વાળી પણ દે..! દિવાળીમાં હોળી પણ આવી જાય..! પછી તો જેવી જેની વાઈફ..! એક વાત ચોક્કસ કે, આખું વર્ષ ડાબા હાથે મુકાઈ ગયેલો પતિ, દિવાળીમાં યાદ ખાસ આવે..! એના વિના માળિયા સાફ કરે કોણ? બીજું કે, કામવાળી કરતાં ભરોસાપાત્ર..! ચોકસાઈ પણ સારી હોય, ને મફતમાં પડે તે બોનસ..! ધણીને ધંધે લગાડવાની આ રણનીતિ નથી પણ પરસ્પરના પ્રેમનો એ આવિષ્કાર છે. એમાં બંનેને ગીલીગીલી થાય. ક્યાં તો પ્રેમમાં વૃદ્ધિ થાય, ક્યાં તો ગ્રહણ પણ લાધે..!

હિંદુ ધર્મમાં પતિને પરમેશ્વર માનવાનો મલાજો છે ખરો, પણ આગળ કહ્યું એમ, ઘરના કામમાં બાદશાહ ગુલામ..! ઝાપટમાં આવી ગયો તો, પરમેશ્વરે પણ ઝાડું ધારણ કરવું પડે. એક વાર રસોડાવાળીની ઇન્દ્રિય જાગૃત થવી જ જોઈએ..! કહેવાતા પરમેશ્વરે પણ કેડ-કમર 'બેન્ડ' કરવી પડે..! મુદ્દલે પ્રેસર ના હોય તો પણ, દિવાળીમાં 'બ્લડ-પ્રેસર' ઉછાળા મારવા માંડે. બિચારાની હાલત, સિંહણ આગળ બાંધેલી બકરી જેવી થઇ જાય.! એક બાજુ આનંદ ને બીજી બાજુ વિષાદ..! દિવાળીનો આ નૈસર્ગિક ઉન્માદ છે..! સોનું મોંઘું થાય એટલે લોકો ચાંદી કે ઢોળવાળાં ઘરેણાં તરફ ડોકિયાં કરવા માંડે, દિવાળી આવે એટલે પતિ ઉપર ચાર હાથ થવા માંડે. માટે તેલ માલિશ કરીને બાવડા મજબૂત બનાવી જ રાખવાના. .! પુરુષોને કેડ કમ્મરના દુખાવા રહેતા નથી, એ વાતની એમને ખબર..! સ્ત્રીઓને ભલે આખું વર્ષ કેડ-કમરના દુખાવા રહેતા હોય, પણ નવરાત્રી આવે ત્યારે ગરબે એવી ઘૂમે કે, સાક્ષાત્ માતાજી રક્ષા કરતાં હોય એવું લાગે..! માટે ઘરકામમાં હોંશલો બુલંદ જ રાખવાનો. ગમે એટલા જલદ હુમલા આવે તો પણ ઘર છોડીને રફુચક્કર નહિ થવાનું. ખબર છે ને કે, પતિઓને પિયરની સવલત હોતી નથી. મગજ સાથે સમાધાન કરી લેવાનું કે, પતિ પત્ની સંસાર રથનાં બે પૈંડાં છે..! (એક પૈંડું ટ્રેક્ટરનું ને બીજું સાયકલનું હોય તો, ભાગ્ય સાથે મગજમારી નહિ કરવાની..! રથને જીવંત રાખવાનો. સામે ચાલીને દિવાળી બગાડવી નહિ. આવી ડાહી ડાહી વાતો જ કરવાની..! )

જો બાવા..! સિંહને ખબર નથી કે હું જંગલનો રાજા છું, એમ પતિને પણ ખબર નથી કે, હું પરમેશ્વર છું. ધોવાણ આવે ત્યારે જ ખબર પડે કે, હું તો લાખેણો ખજાનો છું. શબ્દોની માયાજાળ પણ અટપટી છે મામૂ..! શાસ્ત્ર ભલે કહેતું હોય કે, પતિદેવો ભવ, પણ 'ઘરના કામમાં બાદશાહ ગુલામ..! ચલણમાં ચાલે તે જ રૂપિયો..! ઘરનાં કામ કરવામાં કે, દિવાળીમાં ઝાડુ પકડવાની વેળા આવે ત્યારે એવી દલીલ નહિ થાય કે, મંગળફેરા ફરતી વખતે આવો કોઈ દસ્તાવેજ થયેલો નથી..! ઘરના કામમાં બાદશાહ ગુલામ..! ખૂણેખૂણા ટાંપીને જ બેઠા હોય કે, ક્યારે કોઈ આવે ને અમારી દેહશુદ્ધિ કરે ..! શલ્યાની અહલ્યા કરે..! યાર...ઝાડું અમસ્તું રાજકારણ સુધી પહોંચ્યું છે?

દિવાળી એટલે સાફસૂફી, દિવાળી એટલે રંગોળી, દિવાળી એટલે આતશબાજી, દિવાળી એટલે અંતરનો ઉઘાડ, દિવાળી એટલે પ્રકાશનું પર્વ, ઉમળકાઓનું આદાનપ્રદાન, હૈયાની હેલી ને વિચારોનું વૃંદાવન..! લગન વખતનો વરરાજો, ઝાડુસમ્રાટ બની જાય એનું નામ દિવાળી. દિવાળી આવે એટલે શરીરના કણ-કણમાં મણ-મણના દુખાવા પ્રગટ થાય, એનું નામ દિવાળી..! પાડ માનો પરમેશ્વરનો કે, ઘરવાળા સાવરણીને બદલે સાવરણો પકડાવતા નથી. નહિ તો મહોલ્લો પણ સાફ કરવાની નોબત આવે..! કારણ કે, નેતા અને પતિના ભેદનો એમને ખ્યાલ છે..!

**રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'**

ફેંકવાનો દોષ નહિ લાગે તો એક વાત કરું..? અમારા જમાનાની દિવાળી એટલે દિવાળી..! લોકો દીકરીનું નામ પાડવાનું હોય તો પણ, દિવાળી પાડીને હરખાતાં. એક જ ડિઝાઈનના પાંચ મીટર કપડામાં ભાઈઓનાં લેંઘા અને ખમીશ થતાં અને તે લેંઘા-ખમીસ દિવાળીની મધરાતે જ મળતાં. તે પણ ગાજ બટન વગર..! દિવાળીના દિવસે લેંઘી પકડીને લોકોને ત્યાં પગે લાગવા જતા. વાજાવાળા હોય એમ એક જ ડીઝાઈનમાં ટહેલતાં. ફટાકડાની તાકાત નહિ કે, કોઈ સુરસુરિયું થાય..! કોઠીઓ દરિયાવ ભાવથી પેટ ફાડીને ફૂવ્વારા છોડતી. એક પણ લવિંગિયાની તાકાત નહિ કે, કોથળામાંથી બિલાડું કાઢે..! એના કપાળમાં કાંદા ફોડું આજે તો ફટાકડા જ એવા કે, ફૂટવા કરતાં ધુમાડા વધારે કાઢે. ૧૯૫૦ પહેલાં જન્મેલાને યાદ હશે કે, ચાર પાંચ બારકસોની ટોળકી, હાથમાં સળગતા દીવાઓનો થાળ લઈને દરેકના આંગણે પાન-મસાલા વગર 'લહેરિયું' ગાવા જતી. લહેરિયાનો અવાજ સાંભળીને ઓટલીમાંથી દિવાળી પ્રગટ થતી, જેને રંગોળી કહેવાય..! યાદ આવે છે એ લહેરિયું..?

લહેરિયું લહેરિયું દિવાળીનું લહેરિયું,
ઘરમાં છે પણ બોલતા નથી,
ફટાકડા છે પણ ફોડતા નથી
દીવેલ છે પણ પૂરતા નથી,
ઘરમાં વસેલા મારા મહોર
આજ દિવાળી કાલ દિવાળી
દિવાળીનું લહેરિયું......
લહેરિયું લહેરિયું...દિવાળીનું લહેરિયું...(૨)

દિવાળીની બોલબાલા જ એવી કે, મરઘાં કરતાં માણસ વહેલો ઊઠી જતો. રસોડામાંથી મીઠા મીઠા વાયરાઓ છૂટતા. ડર લાગતો કે, એના મધુર ભણકારા સાંભળીને 'ડાયાબીટીસ'નહિ થાય તો સારું . સ્વાભાવિક છે ને યાર..? આખું વર્ષ કડવું કારેલું ખવડાવ્યું હોય ને દિવાળીમાં મીઠા-મીઠા ફૂંફાડા કાઢે તો શંકા તો જાય ને, કે શું આ આપણી જ વાઈફ છે? પછી છેલ્લે પેપર ફૂટે કે, દિવા લગન વખતે કઢાવેલી કુંડળીમાં વાઈફ કરતાં ઊંચા ગુણાંક આવ્યા હોય તો ફાંકોળીમાં કામવાળી બહારગામ જવાની હોવાથી, ઘરકામનો હવાલો આવવાનો છે..! એના કપાળમાં કાંદા ફોડું..! (તમે શેના દાંતિયા કાઢો છો યાર..? બધાનું આવું જ છે ભાઈ! ફેર એટલો કે, હું બોલું છું, ને તમે બોલતા નથી. છેલ્લા છ દિવસથી, વાસણો અજવાળું છું. જજેલા બતાવું..? મગજમાં ફાંકો તો રાખતા જ નહિ કે, કુંડળીમાં વાઈફ કરતાં મારા ગુણાંક ઊંચા છે. એવું પણ બને કે, સંસાર છોડીને બાવા બની ગુણાંક પણ ઊંચા હોય. સફળ દામ્પત્યજીવન રાખવું હોય તો, ગુસ્સાને HOLD રાખવાનો. રસોડાના પ્રવાસ ઉપર પાબંધી મૂકવાની. પતિના નાતે ગુસ્સો આવી જાય તો, પોચો-પોચો ગુસ્સો કરવાનો. રશિયા-યુક્રેન જેવો નહિ..! ચોઘડિયાં આપોઆપ બદલાશે. ચેતેલો નર સદા સુખી..!

પ્રત્યેકની પત્ની મર્યાદાશીલ હોય છે. એને શાંત માનીને લાવારસ ઠરી ગયો છે, એવું સમજવાની ભૂલ નહિ કરવાની. મર્યાદાને કારણે, તમારી સામે નહિ બોલે, પણ જે વાસણો ઉપર તમારું નામ લખેલું હોય એને માંજતી વખતે એ અફાળી-અફાળીને રીલેક્સ થાય..! એને ખબર છે કે, મારાથી ધણીને અફાળાવાનો નથી..! એટલે ગુસ્સો તમારા નામવાળા વાસણ ઉપર કાઢે..! પત્નીકો કભી કમજોર મત સમજના..!




> એક વાત ચોક્કસ કે, આખું વર્ષ ડાબા હાથે મુકાઈ ગયેલો પતિ, દિવાળીમાં યાદ ખાસ આવે..! એના વિના માળિયા સાફ કરે કોણ? બીજું કે, કામવાળી કરતાં ભરોસાપાત્ર..! ચોકસાઈ પણ સારી હોય ને મફતમાં પડે તે બોનસ!

## લાસ્ટ ધ બોલ

દિવાળીમાં રાશિ -ભવિષ્ય તો વાંચતા જ નહિ. એમાં ભલે લખ્યું હોય કે, દિવાળીમાં તમારે ઉચ્ચ શિખરે જવાના યોગ છે. પાવાગઢ કે ગિરનારની કલ્પના નહિ કરતા. સાફસફાઈ માટે માળીએ ચઢવાના પણ યોગ હોય..!

લગન વખતે ભલે હાથમાં તલવાર પકડાવીને રાજા તરીકે પોંખ્યો હોય, પણ યાદ રાખવાનું કે, આપણા હાથે માળિયાં સાફ કર્યા વગર ઘરમાં દિવાળી આવતી નથી..!

તારા કપાળમાં કાંદા ફોડું..!
એના કપાળના કાંદા ફોડું...!































